| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૨૪/૦૬/૨૦૨૧ | | |
| દાખલ તારીખ | : | ૨૪/૦૬/૨૦૨૧ | | |
| ફેંસલ તારીખ | : | ૧૪/૦૫/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૪ | ૧૦ | ૨૦ |

सत्यमेव जयते

## મે. જંબુસરના એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં. મુ. જંબુસર.

**ફોજદારી કેસ નંબર : ૧૭૨૩/૨૦૨૧**
**આંક :– ૬૫**

**ફરીયાદી :** શ્રી સરકાર,
જંબુસર પોલીસ સ્ટેશન,
તા. જંબુસર, જિ. ભરૂચ.

**વિરુધ્ધ**

**આરોપી:** **મહેશકુમાર રતિપાલ યાદવ,**
ઉ. વ. પુખ્ત, ધંધો – ડ્રાઈવીંગ,
રહે. સકવા, બરસડા, તા. લમ્ભુઆ,
જી. સુલતાનપુર, યુ.પી.

**ગુન્હો : ઈ. પી. કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ**

| |
|---|
| // ફરીયાદી તરફે વિ. એ.પી.પી............ શ્રી વી. આર. પંચાલ // |
| // આરોપી તરફે વિ.વ..................... શ્રી એમ.જી.મલેક // |

## :: જજમેન્ટ ::

## (૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકિકત :–

ફરીયાદપક્ષની કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, તા. ૨૭/૦૨/૨૦૨૧ ના કલાક ૧૨:૩૦ વાગ્યાના અરસામાં મગણાંદ ગામ નજીક રીલાયન્સ પેટ્રોલપંપ સામે રોડ ઉપર આ કામના ટેન્કર નં. જીજે–૧૬–એયુ–૭૩૯૯ ના ચાલકે તેનુ ટેન્કર બેફીકરાઈ અને પુરઝડપે હંકારી લાવી હોન્ડા મો.સા. નં. જીજે–૧૬–સીઆર–૬૨૫૭ ની સાથે અથાડ એકસીડેન્ટ કરેલ જેથી સાહેદ સોહીલને માથાના ભાગે તથા સાહેદ મુબારકને જમણા પગે ઈજા કરી સદર ટેન્કરને ચાલક નાશી ગયેલ હોય જેથી સદર બનાવ બાબતે ફરીયાદ જમીલભાઈ બસીરભાઈ ખીલજીનાઓએ તા. ૨૭/૦૨/૨૦૨૧ ના કલાક ૧૬:૩૦ વાગે ફરીયાદ આપેલ અને ત્યારબાદ સાહેદ સોહીલ તથા સાહેદનાઓને માથના ભાગે વધુ ઈજા થયેલ હોય જેથી તેઓને વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે સારવાર માટે મોકલેલ અને ત્યાંથી ધીરજ હોસ્પિટલ પીપળીયા ગામ, તા. વાઘોડીયા ખાતે લાવેલ અને તા. ૨૮/૦૨/૨૦૨૧ ના રોજ આ કામના સાહેદ સોહિલભાઈ સારવાર દરમ્યાન મરણ ગયેલ સાહેદ મુબારકને ઓછીવત્તી ઈજાઓ પહોંચાડી, આરોપીએ ઈ.પી.કો કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪,૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાનો આરોપ છે.

## (૨) પોલીસ કાર્યવાહી :–

આમ, ઉપરોકત હકિકત મુજબની ફરીયાદ ફરીયાદીએ જંબુસર પો. સ્ટે. માં દાખલ કરતાં જંબુસર પો. સ્ટે. ગુના રજિ. નં. ૧૧૧૯૯૦૨૭૨૧૦૧૩૭/૨૦૨૧ થી ગુનો દાખલ કરેલ, જે ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપી વિરુધ્ધની જંબુસર

પોલીસ સ્ટેશનમાં નોંધાવેલા ગુનાની સંપૂર્ણ તપાસ કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો મેળવીને તપાસના અંતે આ કામના આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનાં ગુનાની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

## (૩) કોર્ટ કાર્યવાહી :–

આ કામે ત. ક. અધિકારીશ્રી દવારા આરોપી સામે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યા બાદ આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપી તેમના વિધ્વાન વકીલશ્રી મારફત અદાલતની રૂબરૂ ઉપસ્થિત થતા આરોપીને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ સદર ગુનો સમન્સ ટ્રાયેબલ હોય તે મુજબની કાર્યવાહી અપનાવવામાં આવેલ અને આરોપીનું સ્ટેટમેન્ટ **આંક–૩** થી લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો, જેથી સદર કામ પુરાવા પર રહેલ.

## (૪) ફરીયાદપક્ષનો પુરાવો

ફરીયાદપક્ષ તરફે પોતાનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

**<u>મૌખીક પુરાવો</u>**

| **<u>ક્રમ</u>** | **<u>સાહેદ</u>** | **<u>આંક</u>** |
|---|---|---|
| ૧ | ફરીયાદી ખીલજી જમીલ બશીરભાઈની જુબાની | ૧૮ |
| ૨ | સાહેદ મુબારકભાઈ બશીરભાઈ ખીલજીની જુબાની | ૩૧ |
| ૩ | સાહેદ ડો. પ્રદિપ ભુપતભાઈ નકુમની જુબાની | ૩૬ |
| ૪ | ત.ક.અમલદાર સાહેદ હર્ષદ સિંહ હરભમભા ટાંકની જુબાની | ૪૦ |
| ૫ | ત.ક.અમલદાર અલ્કેશકુમાર ભગવાનભાઈ ચૌધરીની જુબાની | ૫૪ |

## દસ્તાવેજી પુરાવો

| **ક્રમ** | **દસ્તાવેજ** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૯ |
| ૨ | સ્થળસ્થિતીનુ પંચનામુ | ૨૦ |
| ૩ | મરણોત્તર પંચનામુ | ૨૧ |
| ૪ | શરીર સ્થિતીનુ/અટક પંચનામુ | ૨૨ |
| ૫ | મેડીકલ તપાસનો રીપોર્ટ રજુ | ૨૩ |
| ૬ | એમ.એલ.સી. સર્ટીફીકેટ | ૩૭ |
| ૭ | એમ.એલ.સી. સર્ટીફીકેટ | ૩૮ |
| ૮ | અસલ ડેપ્યુટ હુકમ | ૪૧ |
| ૯ | કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ | ૫૫ |

આ સિવાય ફરીયાદપક્ષે કોઈ પુરાવો આપેલ નથી અને ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીના આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૫)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીનું સી. આર. પી. સી. ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીએ ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને પોતે સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે પોતાનાં બચાવમાં કોઈ સાહેદને પણ તપાસેલ નથી. આરોપીએ વિશેષમાં જણાવેલ છે કે, '' અમો આરોપીએ અમારુ વાહન બેદરકારી અને ગફલતભારી રીતે હંકારેલ નથી કે અમારી બેદરકારીના કારણે કોઈ બનાવ બનેલ નથી, અમો તદન નિર્દોષ છીએ મુકવા વિનંતી છે. ''

### (૬) દલીલો :–

સદર કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી. વી. આર.પંચાલ દ્વારા આંક–૫૭ થી લેખિત દલીલ કરવામાં આવેલ છે જે દલીલો વાંચી ધ્યાને

લેવામાં આવેલ છે અને આંક-૫૯ ના લિસ્ટથી (૧) હરબનસ કોર અને બીજા વિ. હરીયાણા સરકાર(સબંધી સાહેદને અવિશ્વાસુ સાક્ષી તરીકે ન ગણવો જોઇએ) (૨) નવલકિશોર સીંગ વિરૂધ્ધ બિહાર(૨૦૦૪) ૭ પાના નં. ૫૦૨ (નામદાર સર્વોચ્ચ અદાલત) સી.આર.પી.સી. કલમ-૩૧૩ સબંધે બચાવપક્ષે શું સ્પષ્ટતા કરવી તે સબંધે માર્ગદર્શન આપેલ છે.) (૩) સ્ટેટ હોફ કર્ણાટકા વિ. શ્રીમતી સુવર્ણનામ્મા ક્રિમિનલ અપીલ નં. ૭૮૫/૨૦૧૦ (નામ. સુપ્રીમ કોર્ટ)(ખામીયુકત પોલીસ તપાસ છતાં ફરીયાદપક્ષના કેસને રેકર્ડ પર આવેલ પુરાવા આધારે માનવા બાબત) ના ચુકાદાઓ રજુ કરેલ છે જે માનસહ: વંચાણે લેવામાં આવેલ છે. જયારે આરોપી તરફે વિ. વ.શ્રી જે.એ.મિસ્ત્રી ધ્વારા મૌખિક દલીલો કરવામાં આવેલ છે, જે દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૭)** આ કામે ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતા હાલનાં કેસનાં નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

**મુદ્દા નં.૧**:- શું ફરીયાદપક્ષએ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૭/૦૨/૨૦૨૧ ના કલાક ૧૨:૩૦ વાગ્યાના અરસામાં મગણાંદ ગામ નજીક રીલાયન્સ પેટ્રોલપંપ સામે રોડ ઉપર આ કામના ટેન્કર નં. જીજે-૧૬-એયુ-૭૩૯૯ ના ચાલકે તેનુ ટેન્કમર બેફીકરાઈ અને પુરઝડપે હંકારી લાવી હોન્ડા મો.સા. નં. જીજે-૧૬-સીઆર-૬૨૫૭ની સાથે અથડાવી એકસીડેન્ટ કરેલ જેથી સાહેદ સોહીલને માથાના ભાગે તથા સાહેદ મુબારકને જમણા પગે ઈજા કરી સદર ટેન્કરને ચાલક નાશી ગયેલ હોય જેથી સદર બનાવ બાબતે ફરીયાદ જમીલભાઈ બસીરભાઈ

ખીલજીનાઓએ તા. ૨૭/૦૨/૨૦૨૧ ના કલાક ૧૬:૩૦ વાગે ફરીયાદ આપેલ અને ત્યારબાદ સાહેદ સોહીલ તથા સાહેદનાઓને માથાના ભાગે વધુ ઈજા થયેલ હોય જેથી તેઓને વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે સારવાર માટે મોકલેલ અને ત્યાંથી ધીરજ હોસ્પિટલ પીપળીયા ગામ, તા. વાઘોડીયા ખાતે લાવેલ અને તા. ૨૮/૦૨/૨૦૨૧ ના રોજ આ કામના સાહેદ સોહિલભાઈ સારવાર દરમ્યાન મરણ ગયેલ સાહેદ મુબારકને ઓછીવત્તી ઈજાઓ પહોંચાડી, આરોપીએ ઈ.પી.કો કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આરોપીએ કર્યો છે ?

**મુદ્દા નં.૨**:– શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**–: નિર્ણયો :–**

**મુદ્દા નં. ૧** :– નકારમાં.

**મુદ્દા નં. ૨** :– આખરી હુકમ મુજબ

**–: કારણો :–**

**મુદ્દા નં.૧**

(૯) આ કામે ફરીયાદપક્ષે સૌ પ્રથમ પોતાના કેસના સમર્થનમાં ફરીયાદપક્ષે ફરીયાદી ખીલજી જમીલ બશીરભાઈને **આંક–૧૮** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, બનાવ સને ૨૦૨૧ ના લગભગ બપોરના સાડાબારના અરસામાં બનેલો. તેઓ તે દિવસે તેમની કટલરીનો ટેમ્પો લઈને અણખી ગામે ગયેલા અને ત્યાંથી તેઓ થોડો ધંધો

પતાવી મગણાંદ ગામે ગયેલા. તે દરમ્યાન તેમના ભાઈ ખીલજી મુબારક બશીરનો તેમના ફોન પર ફોન આવેલ કે મારે અને સોહીલને અકસ્માત થયેલ છે. તેણે જણાવેલ કે સોહીલ અને તે બંને તેઓ સાથેની બાઈક નં. જીજે–૧૬–૬૨૫૭ ની હીરો સ્પ્લેન્ડર લઈને આમોદ કામ અર્થે જઈ રહેલા હતા તે દરમ્યાન જંબુસર અને મગણાંદની વચ્ચે રીલાયન્સ પેટ્રોલ પંપ પાસે પહોંચતા એક ટ્રક વાળાએ એકદમ રીલાયન્સ પેટ્રોલ પંપ સાઈડ પુરઝડપે વાળી દઈ તેઓની સાથે અકસ્માત કરેલ છે. જે કારણે તેમના ભાઈ મુબારકને જમણા પગના ભાગે ઈજા થયેલી અને તેની સાથેના સોહીલને માથના ભાગે ગંભીર ઈજાઓ થયેલી. જેથી તેઓ એ જ સમયે સ્થળ પર દોડી ગયેલ પરંતુ તેમના ભાઈ મુબારકે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા તેઓ ૧૦૮ માં બેસીને જંબુસર રેફરલ હોસ્પિટલ સારવાર માટે ગયેલા. જ્યાં તેમના ભાઈ મુબારકને  જરૂરી સામાન્ય પ્રાથમિક સારવાર આપી રજા આપેલી અને સોહીલને વધુ સારવાર આપવાનુ ડોકટરે જણાવતા વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલ મોકલેલા. આ બનાવ સમયે અકસ્માત કરના ટ્રક ચાલક તેનો ટ્રક ત્યાં મુકીને ત્યાંથી ભાગી ગયેલો. જે ટ્રક તેઓએ જોતા તેનો આર.ટી.ઓ. રજિસ્ટ્રેશન નં. જીજે–૧૬–એયુ–૭૩૯૯ હતો. આ બનાવ ટ્રકની બેદરકારીને કારણે બનવા પામેલો જેથી બનાવ બાબતેની તેઓએ જંબુસર પો.સ્ટે.માં તે જ દિવસે ફરીયાદ આપેલી. જે ફરીયાદમાં તેઓ તેમની સહી ઓળખી બતાવે છે. જે ફરીયાદને આંક–૧૯ થી રજુ રાખવામાં આવેલ છે. આ બનાવમા ઈજા પામનાર સોહિલ તે તેમનો પિતરાઈ ભાઈ થાય છે. જેને એસ.એસ.જી. હોસ્પિટલમાં દાખલ કરેલ તેના બીજા જ દિવસે મરણ ગયેલ.

ત્યારબાદ તેઓ આરોપીનાં વિ.વ.શ્રીની ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, બનાવ કેવી રીતે બનેલ અને કેવી રીતે અકસ્માત થયેલ તે તેઓએ નજરે જોયેલ નથી કે તેમને કોઈ જાત માહિતી નથી. ગાડી કોણ

ચલાવતુ હતુ તેની તેમને ખબર નથી.

**(૧૦)** ત્યારબાદ ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં આ કામના સાહેદ મુબારકભાઈ બશીરભાઈ ખીલજીને **આંક–૩૧** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, આજથી ત્રણેક વર્ષ અગાઉ બપોરના અંદાજીત અગીયાર બાર વાગ્યાના અરસામાં તેઓ તથા તેમનો ભાઈ સોહીલ ખીલજીનાઓ તેમના મોટા ભાઈની સ્પ્લેન્ડર બાઈક કે જેનો આર.ટી.ઓ. નં. જીજે–૧૬–સીઆર–૬૨૯૭ લઈને ડાભાથી મગણાંદ ગામ તરફ જઈ રહેલ હતા. આ બાઈક તેમનો ભાઈ સોહિલ ચલાવી રહયો હતો અને તેઓ પાછળ સવાર હતા. ત્યારબાદ મગણાંદ ગામ જતા રસ્તા પર રીલાયન્સ પેટ્રોલ પંપ પર તેઓ અંદાજીત ૧૨ વાગ્યાની આસપાસ પહોંચેલા તે સમયે તેમની બાઈક અંદાજીત ત્રીસ ચાલીસની સ્પીડ પર ચાલ રહેલ હતી તે દરમ્યાન સામેની દિશાએથી તેમની સાઈડે બે ટ્રક આવી રહેલ હતી અને તેમાં થી એ ટ્રક પેટ્રોલ પંપ તરફ અચાનક વળી ગયેલ. જેથી આ ટ્રક અચાનક વળી જતા તેમની બાઈક આ ટ્રક સાથે અથડાઈ ગયેલી. આ ટ્રકની સ્પીડ આશરે ચાલીસ પચાસની હશે. જે ટ્રક અચાનક વળતા સોહીલથી ધ્યાન જતુ રહેલ અન અકસ્માત આ રીતે થયેલો. જે કારણે સોહીલને આ ટંકનુ ગાર્ડ આગળના માથના ભાગે વાગી ગયેલ અને જે કારણે તે તે જ સમયે બેહોશ થઈ ગયેલો અને તેમને પણપડી જવાથી ડાબા પગના ઘુંટણે સામાન્ય ઈજા થયેલી. જેથી તેઓએ બનાવ સ્થળે એમ્બ્યુલન્સને ફોન કરી બોલાવેલ જે એમ્બ્યુલન્સ તેઓ બંનેને જંબુસર રેફરલ હોસ્પિટલ લઈ આવેલ જયા તેમને ડોકટરે સારવાર કરી તરત રજા આપેલ પરંતુ સોહીલને માથામાં વધુ ઈજા હોય ડોકટરે તેને વધુ સારવાર અર્થે એસ.એસ.જી. હોસ્પિટલ વડોદરા મુકામે લઈ જવાનુ કહેતા તેના પિતા ગુલામભાઈ તેને વડોદરા મુકામે લઈ ગયેલા. ત્યારબાદ તેમને જાણવા મળેલ કે સોહીલના પિતા તેને વડોદરાથી

વાઘોડીયા ખાતે આવેલ ધીરજ હોસ્પિટલમાં લઈ ગયેલા. ત્યારબાદ તેમને જાણવા મળેલ કે ધીરજ હોસ્પિટલમાં સોહીલ મરણ ગયેલ. તેનુ મરણ થતા સમાજના રિતરીવાજ મુજબ તેની દફનવિધી કરવામાં આવેલી. બનાવ સમયે જે ટ્રકથી અકસ્માત થયેલ તે ટ્રક કઈ કંપનીની હતી કે તેનો રજિસ્ટ્રેશન નંબર શું હતો તે તેમને યાદ નથી. આ અકસ્માત ત્યાં આવનારી ટ્રક અચાનક જ પેટ્રોલપંપ તરફ વળી જવાના કારણે તેની બેદરકારીના કારણે બનેલો. તેઓને આ ટ્રક ડ્રાઈવરને તેઓને જોવાનો પ્રસંગ બનેલો. તેઓ આરોપીને જોયેથી ઓળખે છે. પોલીસે બનાવ બાબતે તેઓની પુછપરછ કરી તેમનુ નિવેદન લીધેલુ.

ત્યારબાદ તેઓ આરોપીનાં વિ.વ.શ્રીની ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે આ ટ્રક ડ્રાઈવરને તેઓએ જોવાનો પ્રસંગ બનેલો. તેઓ આરોપીને જોયેથી ઓળખી શકે. તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં ડ્રાઈવરની શરીરસ્થિતી અંગેની કોઈ હકીકત તેઓએ લખાવેલ નથી. ડ્રાઈવરને પોલીસે અટક કરેલ હોય તેની મામલતદાર સાહેબશ્રી જંબુસર રૂબરૂ ઓળખ પરેડ કરાવેલ હોય તેવુ બનેલ નથી. ભરૂચ જંબુસરવાળો રોડ એ ભારે વાહનોની અવર જવર વાળો રોડ છે. આ રોડ પર હોટલો, ગેરજો અને પેટ્રોલ પંપો આવેલા છે. કહેવાતી ટ્રક એ ભરૂચ તરફથી આવતી હતી. રીલાયન્સ પેટ્રોલ પંપ પાસે બે ટ્રકો એકબીજાની આગળ પાછળ આવતી હતી. પાછળ આવતી ટ્રક પેટ્રોલ પંપ તરફ વળેલ. આગળની ટ્રક પેટ્રોલ પંપ તરફ વળેલ હોય તેવુ બનેલ નથી. સામાન્ય રીતે કોઈ પણ વાહનને પટ્રોલ ડીઝલ પુરાવવાનુ હોય તો તે ઉભો રહે. આ મોટર સાયકલની બ્રેક વાગેલી નહી. મોટર સાયકલની બ્રેક ન વાગતા એકદમ ગભરાહટ ઉભી થઈ ગયેલી અને ગભરાહટના કારણે મોટર સાયકલ સ્લીપ થઈ ગયેલી. સ્લીપ ખાવાથી સોહીલભાઈ સીધા ટ્રક સાથે અથડાયેલા. અકસ્માત થવાથી તેઓ

અને તેમના મિત્ર એકદમ ગભરાઈ ગયેલા અને તેઓ રોડ પર પડેલા. ત્યારબાદ તેઓએ ૧૦૮ ને ફોન કરતા સીધા રેફરલ હોસ્પિટલ જંબુસર મુકામે સારવાર માટે ગયેલા. તેઓએ વળતર મેળવવા માટે કોઈ કેસ કરેલ નથી. સોહીલભાઈ પાસે વાહન ચલાવવાનુ કોઈ લાયસન્સ ન હતુ. અકસ્માત થયા બાદ બીજા આજુબાજુના માણસો ભેગા થઈ ગયેલા.

**(૧૧)** ત્યારબાદ ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં આ કામના સાહેદ ડો. પ્રદિપ ભુપતભાઈ નકુમને **આંક–૩૬** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તેઓ એમ.બી.બી.એસ.ની ડીગ્રી ધરાવે છે. તેઓ હાલમાં જનરલ હોસ્પિટલ ઈ.એસ.આઈ.એસ, સુરતમાં ફરજ બજાવે છે. તેઓ તેમની ડીગ્રી મુજબ બેચરલ ઓફ સર્જન અને બેચરલ ઓફ મેડીસીનનુ જ્ઞાન ધરાવે છે. તેઓએ જંબુસર રેફરલ હોસ્પિટલમાં મેડીકલ ઓફીસર તરીકે સને ૨૦૧૯ થી સને ૨૦૨૧ સુધી ફરજ બજાવેલ છે. ગઈ તા. ૨૭/૨/૨૦૨૧ ના દિવસ ે તેઓ તેમની ફરજ પર હાજર હતા તે દિવસે તેઓની હોસ્પિટલમાં તેમની સમક્ષ મુબારક બશીરભાઈ ખીલજીનાઓ સારવાર માટે આવેલા. તેઓએ સારવાર કરતા પહેલા કોઈ હિસ્ટ્રી નોંધેલ પરંતુ તેના પેપર્સ જંબુસર રેફરલ હોસ્પિટલના કવાટર્સમાં આગનો બનાવ બનતા બળી જવા પામેલ છે જેથી તેઓ તેમની સાથે લાવેલ નથી. તેઓને હાલમાં તે ચોકકસ યાદ નથી. તેમને પોલીસ તપાસના પેપર્સમાંથી અસલ મુબારકભાઈ બશીરભાઈ ખીલજીનાઓનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ બતાવવામાં આવતા તેઓ કહે છે કે, તેમણે તપાસેલ તે સમયે ઈન્જરી નોંધેલ તે દર્શાવેલ છે. જે ઈન્જરી મુજબ તેઓને ડાબા પગના ઢીંચણના નીચેના ભાગે અનિયમિત સાઈઝમાં ઘસરકાનો ઘા હતો. તે સિવાય તેઓને અન્ય કોઈ ઈજા તપાસતા જણાયેલી નહી. આ ઘા તેઓને શા કારણે બનેલ તે તપાસ દરમ્યાન જાણવા મળેલ નહી.

તેઓની તે બાબતની કોઈ હિસ્ટ્રી પણ ન હતી. તે ઘા તાજો હતો અને ત્રણ થી ચાર દિવસમાં રૂઝ આવે તેવા પ્રકારનો હતો. તેમના મત મુજબ આ ઘા કોઈ ખરબચડી જગ્યાએ વધુ કે ઓછા સમયમાં ઘસાવાથી થઈ શકે તેવો હતો. આ સર્ટીફીકેટ તા. ૨૮/૫/૨૦૨૧ ના રોજ બનાવ બાબતે તપાસ કરનાર અમલદાર ધ્વારા માંગવામાં આવતા તેમના ધ્વારા આપવામાં આવેલુ સર્ટી. છે. જેમાં મેડીકલ ઓફીસર તરીકે તેમની સહી તેઓ ઓળખી બતાવે છે. જે મેડીકલ સર્ટી. આંક–૩૭ થી રજુ રાખેલ છે. તેમને પોલીસ તપાસના પેપર્સમાંથી અસલ એમ.એલ.સી. સર્ટી બતાવવામાં આવતા તે જોઈને તેઓ કહે છે કે, તે જ સમય દરમ્યાન ફરજ પર હાજર હતા ત્યારે દર્દી સોહેલ ગુલામ હુશૈન નાઓને તેઓએ સારવાર દરમ્યાન તપાસ્યા બાતનુ સર્ટીફીકેટ છે. જેઓ તેમની સમક્ષ આવ્યા ત્યારે તેઓને નીચે મુજબની ઈજાઓ થયેલ હોવાનુ તપાર દરમ્યાન જણાયેલુ.

૧. કપાળના વચ્ચેના ભાગે તીક્ષ્ણ ઘા હતો.

૨. ડાબા હાથના આગળના ભાગે ફ્રેકચર હતુ.

૩. જમણી બાજુ છાતીએ નીપ્પલના નીચેના ભાગે ઘસારો હતો.

૪. જમણી બાજુ ખભાના પાછળના ભાગે ઘસારો હતો.

આ તમામ ઘા તાજા હતા અને તેઓને ફ્રેકચર સિવાયની અન્ય ઈજાઓ સાત દિવસમાં રૂઝ આવે તેવી હતી અને ફ્રેકચરની ઈજા તેઓને એક થી બે મહિનામાં રૂઝ આવે તેવી હતી. તેઓની હિસ્ટ્રી તેઓએ નોંધેલ પરંતુ તે અંગેના પેપર્સ રેફરલ હોસ્પિટલમાં આગનો બનાવ બનેલ હોવાથી નાશ પામેલ હોવાથી લાવી હકેલ નથી. તેથી તે અંગે તેઓ કહી શકે નહી. સદરહુ એમ.એલ.સી. સર્ટીફીકેટમાં દર્શાવેલ ઈજાઓ અકસ્માત તથા મારામારીના કિસ્સામાં થવાની સંપુર્ણ સંભાવના છે. આ સર્ટીફીકેટ તા. ૨૮/૫/૨૦૨૧ ના રોજ બનાવ બાબતતે તપાસ કરનાર અમલદાર ધ્વારા માંગવામાં આવતા તેમના ધ્વારા આપવામાં આવેલુ સર્ટીફીકેટ છે. જેમાં

મેડીકલ ઓફીસર તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે સર્ટીફીકેટ આંક–૩૮ થી રજુ રાખવામાં આવેલ છે.

ત્યારબાદ તેઓ આરોપીનાં વિ.વ.શ્રીની ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, બનાવ સમયે દેશમાં કોરોનાની મહામારી ચાલતી હતી. તેમના પોતાના કવાટર્સમાં આગ લાગેલ અને તેમાં કેસને લગતુ રેકર્ડ બળી ગયેલ તે બાબતે તેઓએ કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી. તેમના સર્ટીફીકેટમાં જણાવેલ ઈજાઓ પૈકી ફ્રેકચર સિવાયની બીજી ઈજાઓ સામાન્ય ઈજાઓ હતી. તેઓઅ સારવાર કરેલી અને જે કંઈ ઈજાઓ સર્ટીફીકેટમાં જણાવેલ છે તેનાથી મૃત્યુ નીપજે તેવી ઈજાઓ ન હતી.

**(૧૨)** ત્યારબાદ ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં ત.ક. અમલદાર હર્ષદસિંહ હરભમભા ટાંકને **આંક–૪૦** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, હાલ તેઓ જંબુસર પો.સ્ટે માં બે વર્ષથી ફરજ બજાવે છે. તે પહેલા તેઓ સને ૨૦૨૧ ના વર્ષમાં એ.હે.કો. તરીકે ફરજ બજાવેલી તે દરમ્યાન તા. ૨૭/૦૨/૨૦૨૧ ના રોજ જંબુસર પો.સ્ટે. માં સદર ગુનો દાખલ થતા જેની ફરીયાદ સાથે તેઓને તપાસ ડેપ્યુટ કરવામાં આવેલ. તેમને પોલીસ તપાસના પેપર્સમાંથી અસલ ડેપ્યુટ હુકમ બતાવવામાં આવતા તે જોઈને તેઓ કહે છે કે, તે તે જ ડેપ્યુટ હુકમ છે. તેમાં તે સમયના ફરજ પરના પી.એસ.ઓ. દેવેન્દ્રસિંહ બહાદુરસિંહનાઓની સહી છે જે તેઓ ઓળખી બતાવેછે જે હુકમ આંક–૪૧ થી રજુ રાખેલ છે. તેઓએ તપાસ સંભાળી ફરીયાદનો અભ્યાસ કરી સદહુ ફરીયાદમાં જણાવેલ ગુનાવાળી જગ્યાની મુલાકાત લઈ બે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યા તથા ગુનામાં સંડોવાયેલ વાહનનુ પંચનામુ કરેલ. તેમને આંક–૨૦ વાળુ અસલ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામાં આવતા તે જોઈને તેઓ કહે છે કે, જે સદર ગુનાની તપાસ દરમ્યાન તેઓ બે પંચોની હાજરીમાં કરેલ છે તે જ છે. જેમાં બે

પંચોની સહી તેમજ રૂબરૂ તરીકેની તેમની સહી છે જે તેઓ ઓળખે છે. ત્યારબાદ તેઓએ તપાસ દરમ્યાન આ કામના ફરીયાદી જમીલભાઈ બશીરભાઈ તથા લગતા વળગતા સાહેદ બશીરભાઈ નુરભા અને મુબારક બશીરનાઓના નિવેદનો મેળવેલા. જે આધારે સદરહુ ગુનાના કામે કલમનો ઉમરો કરવા જણાતા તેઓએ તે સબબ તા. ૧/૩/૨૦૨૧ ના રોજ નામ. કોર્ટને આઈ.પી.સી. કલમ–૩૦૪(અ) નો ઉમેરો કરવા રીપોર્ટ કરેલો. સદરહુ ગુનાની તપાસ દરમ્યાન આઈ.પી.સી. કલમ–૩૦૪(અ) નો ઉમેરો હોય જે બાબતની તપાસની સત્તા તેઓને ના હોય તે આગળની તપાસ તેમના પો.સ્ટે.ના પી.આઈ.શ્રી એ.બી.ચૌધરીનાઓને તેઓએ સોંપેલી. તેમને પોલીસ તપાસના પેપર્સમાંથી અસલ આઈ.પી.સી. કલમ–૩૦૪(અ) ઉમેરાનો રીપોર્ટ બતાવવામાં આવતા તે જોઈને તેઓ કહે છે કે, તે જ રીપોર્ટ છે જે રીપોર્ટ આંક–૪૨ થી રજુ રાખેલ છે. તેમને આંક–૨૧ વાળુ મરણોત્તર પંચનામુ બતાવવામાં આવતા તે જોઈને તેઓ કહે છે કે, તે મરણોત્તર પંચનામુ તેઓ સાથે ફરજ બજાવ રહેલા અ.હે.કો. પુર્ણીમાબેન હરીસિંહનાઓએ આ ગુનાના કામે કરેલુ જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખે છે.

ત્યારબાદ તેઓ આરોપીનાં વિ.વ.શ્રીની ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, ગુનાવાળી જગ્યા ભરૂચ જંબુસર નેશનલ હાઈવે છે, તેના પર વાહનો અને લોકોની અવર જવાર ચાલુ રહે છે, ગુનાવાળી જગ્યાની પાસે લકી વજન કાંટો આવેલ છે, ગુનાવાળી જગ્યાની પાસે રીલાયન્સ પેટ્રોલ પંપ આવેલો છે. લકી વજન કાંટો તથા રીલાયન્સ પેટ્રોલ પંપ બનાવ સમયે ચાલુ હતા, જે વખતે પંચનામુ કરવામાં આવ્યુ તે વખતે ટાટા કંપનીનુ ટેન્કર જેનો રજી. નં. જીજે–૧૬–એયુ–૭૩૯૯ ગુનાવાળી જગ્યા પર ન હતુ. તવકકલ સોસાયટી જંબુસર સોસાયટી અને ડાભા ગામ ગુનાવાળી જગ્યાથી ઘણા દૂર છે.

**(૧૩)** ત્યારબાદ ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં ત.ક.અમલદાર અલ્કેશકુમાર ભગવાનભાઈ ચૌધરીને **આંક–૫૪** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તેઓ સને ૨૦૨૧ માં જંબુસર પોલીસ સ્ટેશનમાં પી.આઈ. તરીકે ફરજ પર હતા. દરમ્યાન આ કામના ફરીયાદીએ પોતાની ફરીયાદ હકીકત જણાવેલી જે ફરીયાદ પી.એસ.ઓ. એ પોતાની રૂબરૂમાં લખી લીધેલી અને ત્યારબાદ તેની શરૂઆતની તપાસ હે.કો. હર્ષદસિંહ હરભમભાનાઓએ સંભાળેલી અને તે તપાસમાં સદર હર્ષદસિંહનાઓએ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો મેળવેલા અને તેઓએ મરણ જનારના પી.એમ.ની કાર્યવાહી કરેલી. ત્યારબાદ સદર ગુનાની આગળની તપાસ તેઓએ સંભાળેલી. તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો મેળવેલા. તેમજ આરોપીને સદહુ કામે અટક કરી શરીરસ્થિતીનુ પંચનામુ કરી, ગુનામાં સંડોવાયેલ ટેન્કરની યાંત્રિક ચકાસણી કરાવેલી તથા સદરહુ ગુનાના કામે સારવાર સર્ટીફીકેટ તથા પી.એમ. રીપોર્ટ મેળવેલો તેમજ સદરહુ ગુનામાં સંડોવાયેલ વાહન ટેન્કરના પેપર્સ મેળવેલા. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ પડતા તેઓ વિરૂધ્ધ નામ. કોર્ટમાં ચાર્જસીટ કરવામાં આવેલ. આ ગુનામાં સંડોવાયેલ વાહનનુ યાંત્રિક પરીક્ષણ ભરૂચના આર.ટી.ઓ.અધિકારીએ કરેલુ. તેઓને આંક–૧૯ વાળો દસ્તાવેજ બતાવવામાં આવતા તેઓ તે જોઈને કહે છે કે, તે સદરહુ ફરીયાદ તેમના પો.સ્ટે.ના પીએસઓ દવેન્દ્રભાઈ બહાદુરભાઈનાઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેઓને આંક–૨૦ વાળો દસ્તાવેજ બતાવવામાં આવતા તે જોઈને કહે છે કે, સદરહુ કેસની તપાસમાં ગુનાવાળી જગ્યાનુ પંચનામુ હે.કો. હર્ષદસિંહ હરભમભાનાઓએ બે પંચોની હાજરીમાં કરેલ તે જ પંચનામુ છે. જેમાં બે પંચોની સહીઓ તેમજ રૂબરૂ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે. તેઓને આંક–૨૨ વાળો દસ્તાવેજ બતાવવામાં આવતા

તે જોઈને કહે છે કે, સદરહુ કેસની તપાસમાં તેઓએ આરોપીની અટક કરેલ તથા સદરહુ ગુનાના કામે આરોપીએ ગુનામાં સંડોવાયેલ ટેન્કર રજુ કરતા તે અંગેનુ પંચનામુ તેઓએ બે પંચોની હાજરીમાં કરેલ તે જ પંચનામુ છે જેમાં બે પંચોની સહીઓ તેમજ રૂબરૂ તરીકે તેઓની સહી છે. તેઓને આંક–૩૭ તથા આંક–૩૮ વાળો દસ્તાવેજ બતાવવામાં આવતા તે જોઈને કહે છે કે, સદરહુ કેસની તપાસ દરમ્યાન તેઓએ આ કામે ઈજા પામનારના એમ.એલ.સી. સર્ટીફીકેટો જંબુસર રેફરલ હોસ્પીટલ ખાતેથી મેડીકલ ઓફીસર પાસેથી તેઓએ મેળવેલા તે છે જે તેઓ ઓળખી બતાવે છે. તેઓને પોલીસ તપાસના પેપર્સમાંથી એક અસલ દસ્તાવેજ બતાવવામાં આવતા તે જોઈને કહે છે કે, સદર તેઓ ગુનામાં ભોગ બનનાર સાહેલ ખીલજીનાઓ મરણ ગયેલ જેથી તેઓનુ ધીરજ હોસ્પિટલમાંથી તેઓનુ મરણ અંગેનુ કારણ જણાવતુ સર્ટીફીકેટ તેઓએ મેળવેલુ અને તે તપાસના કામે સામેલ રાખેલ તે છે જે તેઓ ઓળખે છે. જે આંક–પપ થી રજુ રાખવામાં આવેલ છે. તેઓને આંક–૪૨ વાળો દસ્તાવેજ બતાવવામાં આવતા તે જોઈને કહે છે કે, સદરહુ ગુનામાં ભોગ બનનાર મરણ ગયેલ હોય જેથી તેમની પૂર્વના ત.ક.અમલદાર હર્ષદસિંહનાઓએ નામ. કોર્ટમાં ઈ.પી.કો. કલમ–૩૦૪(અ) ના કલમનો ઉમેરા માટેની યાદી કરેલ તે જ આ દસ્તાવેજ છે. જેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમની તપાસમાં ટેન્કર ચાલકનાઓએ વાહન ચલાવતા સમયે ખોટી રીતે ટર્ન લઈ લેવાના કારણે અકસ્માતનો બનાવ બનેલ હોવાનુ ખુલેલુ. સદરહુ ટેન્કર ચાલકે કોઈ પ્રકારનુ ઈન્ડીકેટર બતાવ્યા વગર અચાનક જ જમણી બાજુ પેટ્રોલ પંપ તરફ ટર્ન તરફ ટર્ન લઈ લીધેલો જે કારણે બનાવ બનેલો. તેઓ આરોપીને જોયે ઓળખી શકે.

ત્યારબાદ તેઓ આરોપીનાં વિ.વ.શ્રીની ઉલટતપાસમાં એ હકિકતો કબુલ કરે છે કે, અકસ્માતમાં સંડોવાયેલા વાહન ટેન્કરના માલિકનો જવાબ

તેઓએ લીધેલો. તેમની તપાસમાં જે મોટર સાયકલનો ચાલક હતો તે લાયસન્સ ધરાવતા હતા કે નહી તે જાણવા મળેલુ નહી. જંબુસર થી ભરૂચવાળો રસ્તો વાહનની સતત અવર જવર વાળો રસ્તો છે. બનાવવાળી જગ્યાનો પેટ્રોલ પંપ કઈ દિશામાં આવેલ છ તે તેમને હાલ યાદ નથી.

**(૧૪)** ઉપરોકત મુજબનાં રેકર્ડ ઉપરનાં પુરાવાની વિ. વ. શ્રીઓની દલીલ સાથે સૌ પ્રથમ ફરીયાદપક્ષે મુખ્યત્વે મોટર એકસીડન્ટનાં કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીથી ડ્રાઈવિંગ કરવા બદલ દોષીત ઠરાવવા માટેનાં જે ધોરણો છે તેમાં સૌ પ્રથમ ફરીયાદપક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે, આરોપી ડ્રાઈવરે બેદરકારીથી અને ગફલતભરી રીતે પોતાનાં હવાલાવાળા વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો. ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતનાં પુરાવાનાં અભાવે માત્ર એરર ઓફ જજમેન્ટનાં આધાર ઉપર આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીથી ડ્રાઈવીંગ કરવા બદલ દોષીત ઠરાવી શકાય નહી.

આ બાબતમાં નામ. ઓરીસ્સા વડી અદાલતને ૧૯૯૪ ક્રિમીનલ લો–જનરલ, પાનાં નં. ૩૮૯ પર પ્રસિધ્ધ થયેલ બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટનાં કેસનાં ચુકાદામાં ઠરાવેલ છે કે,

(A) Penal Code (45 of 1860), S.279 – NEGLIGENCE – Rash and negligent driving – Offence under – Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness of error of judgement, not sufficient – Accident resulting in death ailure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high shpped, not sufficient – Accused entitled for acquittal.

(B) વધુમાં એમ પણ ઠરાવેલ છે કે, "Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public

way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgement. The essential ingredients of Section 279 are :

- Rash and negligent driving or riding on a public way.
- The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.

આમ હાલના કામના આરોપી વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબના ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે. જેથી આરોપી વિરુધ્ધના સદર ગુનાનું તહોમત સાબીત કરવા ફરીયાદપક્ષે મુખ્યત્વે નીચે મુજબના આવશ્યક તત્વો સાબીત કરવા પડે.

૧. જાહેર રસ્તા ઉપર વાહન ચલાવવું અથવા સવારી કરવી.

૨. બેફામ અથવા બેદરકારીપુર્વક વાહન ચલાવવું.

૩. જેના કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા વ્યથા થવાનો સંભવ હોય.

**(૧૫)** ઉપરોકત ગુનાહિત તત્વોને ધ્યાને લેતા ફરીયાદપક્ષ તરફે ઉપરોકત વિગતોએ ફરીયાદી તથા સાહેદોએ સોગંદ ઉપર જુબાની આપેલ છે તેનું ઝીણવટભરી રીતે મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદીને આ કામે આંક–૧૮ થી સોગંદ પર તપાસેલ છે તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે બનાવ ૨૦૨૧ ના બપોરના સાડા બાર વાગ્યાના અરસામાં બનેલો અને ફરીયાદીનો ભાઈ મુબારક બશીરનો તેમના પર ફોન આવેલ કે તેઓને અને સોહીલને અકસ્માત થયેલ છે અને જણાવેલ કે સોહેલ

અને તે બંને સાથેની બાઈક જીજે–૧૬–૬૨૫૭ હીરો સ્પ્લેન્ડર લઈ આમોદ જઈ રહયા હતા તે દરમ્યાન જંબુસર મગણાંદની વચ્ચે રીલાયન્સ પેટ્રોલ પંપ પાસે એક ટ્રક વાળાએ પેટ્રોલપંસ સાઈડ પુરઝડપે વાળી દઈ તેઓની સાથે અકસ્માત કરેલો અને તેના કારણે તેમના ભાઈ મુબારકને જમણા પગના ભાગે ઈજા થયેલી અને સાથેના સોહીલને માથાના ભાગે ગંભીર ઈજા થયેલી. જેથી ફરીયાદી સ્થળ ઉપર દોડી ગયેલ અને તેમના ભાઈ મુબારકે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા તેઓ ૧૦૮ માં બેસીને જંબુસર રેફરલ હોસ્પિટલ સારવાર માટે ગયેલા. જયાં તેમના ભાઈ મુબારકને પ્રાથમિક સારવાર કરી રજા આપેલ અને સાથેના સોહીલને વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલ મોકલેલા. ફરીયાદીએ જણાવેલ કે બનાવ સમયે અકસ્માત ચલાવનાર ટ્રક ચાલક તેનો ટ્રક મુકીને ત્યાંથી ભાગી ગયેલો અને ટ્રકનો આર.ટી.ઓ. નં. તેમણે જોતા જીજે–૧૬–એયુ–૭૩૯૯ નો હતો. બનાવ ટ્રકની બેદરકારીને કારણે બનવા પામેલ હોવાનુ તેમણે જંબુસર પો.સ્ટેમાં તે જ દિવસે ફરીયાદ આપેલી. ફરીયાદીએ આંક–૧૯ થી ફરીયાદ રજુ કરેલ છે. બનાવમાં ઈજા પામનાર સોહીલ ફરીયાદીનો પિતરાઈ ભાઈ થતો હોવાનુ અને તેને એસ.એસ.જી. હોસ્પિટલમાં દાખલ કરેલ તેના બીજા દિવસે જ મરણ ગયેલ હોવાનુ જણાવેલ છે.

ફરીયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, બનાવ કેવી રીતે બનેલ અને કેવી રીતે અકસ્માત થયેલ તે તેમણે નજરે જોયેલ નથી કે તેની તેમને જાત માહિતી નથી. વધુમાં કબુલ કરેલ છે કે ગાડી કોણ ચલાવતુ હતુ તેની પણ તેમને ખબર નથી.

વધુમાં આ કામે ફરીયાદીના ભાઈ મુબારક બશીરભાઈને આંક–૩૧ થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં અકસ્માતનો બનાવ બનેલ હોવાની સઘળી હકીકતો જણાવેલ છે. જેમાં બનાવ સમયે જે ટ્રકથી અકસ્માત થયેલ તે ટ્રક કઈ કંપનીની હતી કે તેનો રજિ. નંબર શું હતો

તે તેમને યાદ ન હોવાનુ જણાવેલ છે. સદર સાહેદ એ બનાવના નજરે જોનાર સાહેદ પણ છે. તેઓએ અકસ્માત સમયે આવનારી ટ્રક અચાનકલ પેટ્રોલ પંપ તરફ વળી જવાના કારણે તેની બેદરકારીના કારણે બનાવ બનેલ હોવાનુ જણાવેલ છે.

સદર સાહેદે બચાવપક્ષે કરેલી ઉલટ તપાસમાં જણાવેલ છે કે, ટ્રક ડ્રાઈવરને તેમને જોવાનો પ્રસંગ બનેલ તેવી જે હકીકત સરતપાસમાં લખાવેલ તે તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. વધુમાં એ હકીકત સ્વીકારેલ છે કે, તેમણે તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં ડ્રાઈવરના શરીરસ્થિતીની કોઈ હકીકત લખાવેલ નથી, ડ્રાઈવરને પોલીસે અટક કરેલ હોય તેની મામલતરદાર રૂબરૂ ઓળખ પરેડ કરાવેલ હોય તેવુ બનેલ નથી. સાહેદે એ હકીકકત સ્વીકારેલ છે કે રીલાયન્સ પેટ્રોલપંપ પાસે બે ટ્રકો એકબીજાની આગળ પાછળ આવતી હતી, પાછળ આવતી ટ્રક પેટ્રોલ પંપ તરફ વળેલ. વધુમાં એ હકીકત પણ સ્વીકારેલ છે કે આગળની ટ્રક પેટ્રોલ પંપ તરફ વળેલ હોય તેવુ બનેલ નથી. સદર હકીકતથી વિરૂધ્ધની હકીકત સાહેદની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, મોટર સાયકલ ટ્રકને વાળતા જોતા જોરીથ બ્રેક મારેલી અને આ બ્રેક વાગેલી નહી જેથી મોટર સાયકલની બ્રેક ન વાગતા એકદમ ગભરાહટ ઉભી થઈ ગયેલી અને ગભરાહટના કારણે મોટર સાયકલ સ્લીપ થઈ ગયેલી અને સ્લીપ ખાવાથી સોહીલભાઈ સીધા ટ્રક સાથે અથડાયેલા. આમ, એક તરફ આગળની ટ્રક પેટ્રોલપંપ તરફ વળેલ ન હોય તેવુ સાહેદે જણાવેલુ જયારે બીજી તરફ મોટર સાયકલ ટ્રકને વાળતા જોતા જોરથી બ્રેક મારેલ હોવાનુ જે જણાવેલ તે વિરોધાભાષી હોવાનુ જણાઈ આવે છે. વધુમાં સાહેદે સ્વીકારેલ છે કે, અકસ્માત થવાથી તે અને તેમના મિત્ર ગભરાઈ ગયેલા અને તે અને તેમનો મિત્ર સાહેલ રોડ પર પડેલા. વધુમાં સાહેદે સ્વીકારેલ છે કે, સોહેલભાઈ પાસે વાહન ચલાવવાનુ કોઈ લાયસન્સ ન હતુ. સાહેદે સરતપાસમાં સ્પષ્ટ

જણાવેલ છે કે, બાઈક તેમનો ભાઈ સોહેલ ચલાવી રહેલ હતો અને તેઓ પાછળ સવાર હતા. આમ, જે સોહેલ બાઈક ચલાવતો હતો તે વાહન ચલાવવાનુ લાયસન્સ ધરાવતો ન હતો તેવી હકીકત પણ રેકર્ડ પર આવેલ છે. આમ, ખરેખર બાઈક ચલાવનાર સોહેલ જે મરણ ગયેલ છે તે લાયસન્સ ધરાવતો ન હતો જેથી તે બાઈક ચલાવતા આવડતુ હતુ કે કેમ તે પણ એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

ઉપરોકત બંને સાહેદોના પુરાવાથી અકસ્માતનો બનાવ બનેલ હોવાની હકીકત પુરવાર થાય છે પરંતુ તે અકસ્માતનો બનાવ હાલના આરોપીની બેદરકારીથી ટ્રક હંકારવાના કારણે બનેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી.

વધુમા ફરીયાદપક્ષે રજુ કરેલા પંચનામાઓ જેવા કે, ગુનાવાળી પંચનામુ **આંક–૨૦**, મરણોત્તર પંચનામુ **આંક–૨૧** થી, અટક પંચનામુ **આંક–૨૨** થી રજુ થયેલ છે, જે પંચનામાઓને આંકે પાડી પુરાવામાં વંચાણે લેવા સામે વાંધો ન હોવાના શેરા સાથે બચાવપક્ષે કબુલ કરેલ છે. પરંતુ તે પંચનામાઓની હકીકતો જોતા હાલના આરોપી ધ્વારા અકસ્માતનો બનાવ બેદરકારીથી ટ્રક હંકારવાના કારણે બનેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી. આમ, સદર પંચનામા માત્ર આંકે પાડવામાં આવેલ હોય જેથી ફરીયાદપક્ષની હકીકત પુરવાર થતી નથી.

વધુમાં ફરીયાદપક્ષે આ કામે આંક–૩૬ થી મેડીકલ ઓફીસરશ્રી ડો. પ્રદીપ નકુમનાઓને સોગંદ પર તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં અકસ્માતના બનાવના કારણે ફરીયાદીના પિતરાઈ ભાઈ કે જેઓ ઈજા પામનાર હતા તેઓને તથા ફરીયાદીના ભાઈ મુબારક બશીરભાઈનાઓને થયેલી ઈજા અંગે આપેલ સારવાર અંગેની હકીકતો જણાવેલ છે. તેઓએ તેમના પુરાવામાં આંક–૩૭ વાળુ મેડીકલ સર્ટીફીકેટ કે જે ઈજા પામનાર મુબારક બશીરની કરેલ સારવાર અંગે તથા આંક–૩૮ વાળુ

મેડીકલ સર્ટીફીકેટ કે જે ઈજા પામનાર સોહેલની કરેલ સારવાર અંગે તેમણે આપેલ તે રજુ કરેલ છે. સદર સાહેદના પુરાવાથી અકસ્માતનો બનાવ બનેલ હોવાનુ અને તે બનાવમાં ફરીયાદીના ભાઈ તેમજ પિતરાઈભાઈનાઓને ઈજાઓ થયેલ હોવાની હકીકતોને સમર્થન મળે છે પરંતુ અકસ્માતનો બનાવ હાલના આરોપીની બેદરકારીના કારણે ટ્રક હંકારવાથી અકસ્માતનો બનાવ બનેલ હોય તેવી હકીકતોને સમર્થન મળતુ નથી.

વધુમાં ફરીયાદપક્ષે આ કામે આંક–૪૦ થી ત.ક.અમલદાર હર્ષદસિંહ હરભમભાનાઓને તથા આંક–૫૪ થી ત.ક.અમલદાર અલ્કેશકુમાર ભગવાનભાઈ ચૌધરીનાઓને સોગંદ પર તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં ફરજને અનુરૂપ જુબાની આપેલ છે અને આંક–૪૧ થી અસલ ડેપ્યુટ હુકમ, આંક–૪૨ થી ઈ.પી.કો. કલમ–૩૦૪(અ) ઉમેરાનો રીપોર્ટ તથા આંક–૫૫ થી ઈજા પામનાર સાહેદ સોહેલ ખીલજીનાઓ મરણ ગયેલ હોવા અંગેનુ ધીરજ હોસ્પિટલ તરફથી આપવામાં આવેલ મરણ પ્રમાણપત્ર રજુ કરેલ છે. સદર બંને સાહેદોની ઉલટ તપાસનો પુરાવો રેકર્ડ પર રજુ થયેલ છે પરંતુ તે બંને સાહેદો પોલીસ સાહેદો હોય અને ફરીયાદને સમર્થનકારી અન્ય કોઈ સાહેદોએ સમર્થન આપતો પુરાવો રજુ કરેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાતુ ન હોય જેથી તે ઉપરોકત બંને સાહેદોના પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

વધુમાં ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં દલીલ સાથે રજુ કરેલા ચુકાદાઓ માનસહ: વંચાણે લીધા અને તે ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો સાથે અત્રેની અદાલત સહમત છે પરંતુ હાલના કેસમાં રજુ થયેલ પુરાવો જોતા તે ચુકાદાઓ ફરીયાદપક્ષને મદદરૂપ થતા હોય તેવુ જણાતુ નથી.

આમ, રેકર્ડ ઉપરનો તમામ પુરાવો એક સાથે જોવામાં આવે તો, બનાવ સમયે અને સ્થળે અકસ્માત થયેલાનું અને અકસ્માતમાં મુબારકભાઈ તથા સોહેલનાઓને ઈજા થયેલ હોવાની હકીકત તથા ત્યારબાદ સારવાર દરમ્યાન ઈજા પામનાર સોહેલનું અવસાન થયેલ હોવાની હકિકત ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે, પરંતુ સદર અકસ્માત સમયે અકસ્માતમાં સંડોવાયેલ વાહનની ગતિ શું હતી, ચાલક કોણ હતો અને કોની કસુરનાં કારણે અકસ્માત થયેલ તેવી કોઈ હકિકત રેકર્ડ ઉપર આવવા પામેલ નથી તથા અકસ્માતમાં સંડોવાયેલ વાહન પુરઝડપે, ગફલતભરી રીતે અને બેદરકારીપૂર્વક હંકારવાનાં કારણે અકસ્માત થયેલ હોવાની હકિકત ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ નથી.

**(૧૬)** આમ, ઉપરોકત કરેલ વિગતવાર ચર્ચા તથા જણાવેલ કારણોસર ફરીયાદપક્ષે હાલનાં ગુનાનાં કામે મુખ્ય આવશ્યક તત્વો પુરવાર કરી શકેલ નથી તથા બનાવ સમયે, સ્થળે અને વિગતે હાલનાં આરોપીએ પોતાનાં કબજા ભોગવટાનું વાહન પુરઝડપે ગફલતભરી રીતે અને બેદરકારીપૂર્વક હંકારી સાહેદ મુબારકભાઈને તથા સોહેલને ઈજાઓ પહોંચાડી તથા સારવાર દરમ્યાન સોહેલનુ મૃત્યુ નિપજાવેલાની હોવાની હકિકત શંકાથી પર પુરવાર થતી નથી અને ક્રિમિનલ જયુરીસપ્રુડન્સના પાયાનાં સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે અને આરોપી પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવા પાત્ર છે તે ધ્યાને લેતા ફરીયાદપક્ષ પોતાના કેસની હકિકતો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય **મુદા નં. ૧** નો જવાબ ''**નકારમાં**'' ઠરાવી મુદા નં. ૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામનાં આરોપી **મહેશકુમાર રતિપાલ યાદવ,** રહે. સકવા, બરસડા, તા. લભ્ભુઆ, જી. સુલતાનપુર, યુ.પી. નાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ઈ. પી. કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સી.આર.પી.સી. કલમ–૪૩૭ (એ) અન્વયે આરોપીના જામીન તથા જાત મુચકરો અપીલના સમયે માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલના સમય માટે રૂા. ૧૦,૦૦૦/– નાં નવા જામીન તથા એટલી જ રકમનો જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તારીખ : ૧૪ મી, માહે : મે, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૧૪/૦૫/૨૦૨૬<br>સ્થળ : જંબુસર | **( એ. ડી. રાવ )**<br>એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, જંબુસર.<br>કોડ નં. જી.જે. ૦૧૪૮૦ |